PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૮/કવા–૦૪/૧૭–૧૮/ ૨૨૬૨-૪ તા. 06-03-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
સેઝોન પેપર પ્રાઈવેટ લીમીટેડ,
૮–અ નેશનલ હાઈવે, લખધીરપુર રોડ
સર્વે નંબર – ૧૫૬/ પૈકી,
ભરત મીનરલ ની નજીક
કાલીકા નગર ની બાજુમા,
મોરબી –૩૬૩ ૬૪૨
મો: ૯૯૭૯૪ ૦૦૩૭૭,૯૮૭૯૩ ૧૫૨૨૦

**વિષય :–ફાઈનલ બીલ ની રકમ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૩૧–૦૧–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૨૮/કવા–૦૪/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, મોરબી

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૨૮/ક્વા–૦૪/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૨૮–૦૨–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: સેઝોન પેપર પ્રાઈવેટ લીમીટેડ, ગામ: મોરબી**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે વી.વી.પટેલ હાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : – કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, મોરબી**

**રજુઆત કરનાર :એસ.આર.રાંકજા – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, મોરબી**

## : હુકમ :

**ફરીયાદ : ફાઈનલ બીલ ની રકમ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ગ્રાહક નં. : ૩૩૧૩૦ વાળા એચ.ટી. જોડાણ ( સીડી ૧૮૦૦ કેવીએ), જે અગાઉ તા.૧૩–૧૨–૧૬ ના રોજ ચાલુ થયેલ છે, તેઓને જોડાણ આપવા માટે ટેકનીકલ પેરામીટર મુજબ કામ થયેલ નથી. જેથી, લાઈન ફોલ્ટ અને ટ્રીપીંગ વધુ આવે છે. તેમજ, તેઓના એચ.ટી.ફાઈનલ બીલ માં ૩૦ મીટર સર્વિસ લાઈન બાદ આપવી. ટેમ્પરરી લાઈન અને એચ.ટી. નુ ફાઈનલ બીલની કોપી સંપુર્ણ ઈન્વેન્ટરી સાથે આપવી. ૧૧ કેવી ડોનાતો ફીડર ના ૨૦૧૬ અને ૨૦૧૭ ના વર્ષ ની ટ્રીપીંગ ની વિગત આપવી. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ ની વિભાગીય કચેરી ના પત્ર નં.: ૧૯૪૪ તા.૨૬–૦૨–૧૮ મુજબ – અરજદાર દ્રારા માંગણી કરવામા આવેલ માહિતી – પુરી પાડવામા સમય લાગે તેમ હોય – લેખીત જવાબ રજુ કરેલ નથી. તેમજ, મૌખીક રજુઆત મા જણાવેલ છે કે – અરજદાર દ્રારા માંગણી કરવામા આવેલ ફાઈનલ બીલની કોપી સંપુર્ણ કોપી સંપુર્ણ ઈન્વેન્ટરી સાથે તેમજ – અરજદાર ના પત્ર તા.૦૩–૧૦–૧૭ અને તા.૧૩–૧૧–૧૭ દ્રારા માંગણી કરવામા આવેલ માહિતી અરજદાર ને દિવસ–૦૭ મા ફોરમ ની જાણકારી હેઠળ આપવામા આવશે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર દ્રારા જે માહિતી માંગેલ હોય – જે પીજીવીસીએલ પક્ષકાર દ્રારા દિવસ–૦૭ મા – અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ આપી દેવી – તેમજ સદર કેઈસ મા – તે માહિતી અરજદાર ને મળ્યા બાદ – માહિતી ના અભ્યાસ પરથી – જો અરજદાર ને અન્યાય થયેલ હોય તેમ જણાય – તો અરજદાર તે બાબતે ફરી થી રજુઆત કરી શકે છે. તેમ, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.